

## અંબાજીના બજારોમાં હજારો આદિવાસી સમાજના લોકો ઉમટ્યાં, સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા


શક્તિપીઠ અંબાજી ગુજરાત અને રાજસ્થાનની સરહદ પર આવેલું છે. અંબાજી અરાવલીની પહાડો પર ઊંચાઈ ઉપર આવેલું જગતજનની મા અંબાનું પવિત્ર તિર્થસ્થાન છે અંબાજી ખાતે આજે નારીયેળી પૂનમ હોઈ મોટી સંખ્યામાં માઈ ભકતો અંબાજી ખાતે ઉમટ્યા હતા સાથે અંબાજી આસપાસ રહેતા આદિવાસી સમાજના ભાઈ-બહેનો પણ મોટી સંખ્યામાં અંબાજીના જુના બજારમાં જોવા મળ્યા હતા જેથી સોશિયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડ્યા હતા. સવારથી જ અંબાજી આસપાસ રહેતા વનવાસી ભાઈઓ મોટી સંખ્યામાં અંબાજી ખાતે આવ્યા હતા. અંબાજીના જુના બજારમાં આ લોકો ખરીદી કરતા જોવા મળ્યા હતા અને ઘણા લોકો મોઢા ઉપર માસ્ક પણ પહેરેલા ન હતા, હાલમાં કોરોના વાયરસનો કહેર ચાલી રહ્યો હોવા છતાં આટલી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને આ કારણે લોકો અનલૉક-૩ ની ગાઈડલાઈનનું પાલન કરતા જોવા મળ્યા ન હતા.

# ટાવર ચોકમાં સરદારની પ્રતિમાનું સ્થળાંતર કરતા પગ તુટી ગયા

### ઉપસ્થિત લોકોએ હોબાળો કર્યો : ટુંક સમયમાં જ નવી પ્રતિમા મુકાશે

હિંમતનગર, તા. ૪

છેલ્લા કેટલાક સમયથી હિંમતનગરના મુખ્ય વિસ્તારમાં આવેલ ટાવર ચોકના નવિનીકરણને લઈને અહી પ્રસ્થાપિત થનાર સરદાર વલ્લભભાઈની પ્રતિમાને ઘણા સમયથી સર્કલમાં ઉભા કરાયેલા બીંબ પર ગોઠવવાની હતી જેની કામગીરી મંગળવારે બપોરે કરાઈ રહી હતી ત્યારે અચાનક સ્થળાંતરની કામગીરી દરમિયાન સરદારની પ્રતિમાના બે પગ છુટા પડી જતા ઉપસ્થિત લોકોએ દેકારો મચાવી દીધો હતો. જો કે અહી હાજર પાલિકાના સત્તાવાળાઓએ તરત જ એવુ જાહેર કર્યુ હતુ કે આગામી થોડાક જ દિવસોમાં નવી પ્રતિમા પ્રસ્થાપિત કરી દેવાશે.



આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરની આન, બાન અને શાન સમાન શહેરની મધ્યમાં આવેલ ટાવરચોક શહેરનું મોરપીંછ સમાન ગણાય છે. જ્યાં અગાઉ ટાવર સર્કલના નવિનીકરણ માટે પાલિકાએ કેટલીક કામગીરી કરાવીને ટાવર સર્કલની ગળાઈ વધારી છે. જ્યાં સર્કલની વચ્ચોવચ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને મુકવા માટે નક્કી કરાયુ હતુ અને તે મુજબ ખાસ્સા સમય અગાઉ સર્કલની બહાર રખાયેલી આ પ્રતિમાને તેના નિર્ધારીત સ્થળે ઉભી કરવા માટે નક્કી કરાયુ હતુ જેથી તેના ભાગરૂપે મંગળવારે બપોરે જેસીબીની મદદથી આ પ્રતિમાને મુકવા માટેની કામગીરી શરૂ કરાઈ હતી.

પરંતુ અચાનક પ્રતિમાના બે પગ જુદા પડી ગયા હતા જેના લીધે અહી ઉપસ્થિત પાલિકાના ચીફ ઓફિસર તથા અન્ય પદાધિકારીઓ માટે નીચાજોણુ બની ગયુ હતુ. જો કે આ જ વખતે ઉપસ્થિત લોકોએ દેકારો મચાવી દીધો હતો જેના લીધે ટાવર સર્કલ પરથી પસાર થતા વાહનો થોડીકવાર થંભી ગયા હતા. પરિસ્થિતિનું તાગ મેળવીને દેકારો ન મચે તે અંગે વિચારવાનું શરૂ કરી દીધું હતું. દરમિયાન અહીં હાજર એવા પાસના કાર્યકરો તથા અન્ય રાજકીય પક્ષોના કાર્યકરોએ સરદાર પટેલની પ્રતિમા સત્વરે સ્થાપિત કરવા માટે નગરપાલિકા ભવનમાં દોડી ગયા હતા અને ટુંક સમયમાં જ જો સરદાર પટેલની પ્રતિમાનુ સ્થાપન નહી કરવામાં આવે તો ઉપવાસ આંદોલનની ચિમકી ઉચ્ચારી હતી.

ત્યારબાદ પાલિકાના ચીફ ઓફીસર તથા પાલિકા પ્રમુખ અને અન્ય પદાધિકારીઓએ વિચારવિમર્શ બાદ લગભગ ૧૫મી ઓગષ્ટ પહેલા ટાવર ચોકમાં પ્રતિમા ઉભી કરી દેવાની હૈયાધારણ આપી હતી. જો કે સરદાર પટેલની નવી પ્રતિમા ખરીદવા માટે પાલિકાના સત્તાવાળાઓ મંગળવારે પ્રતિમા બનાવનારાઓનો સંપર્ક કરવાનું શરૂ કરી દીધુ છે. જેથી હવે જોવાનું એ રહે છે કે સરદાર પટેલની પ્રતિમા ટાવરચોકમાં ઉભી કરવા માટે પાલિકાના સત્તાવાળાઓ કેટલી ગંભીરતાથી કામ કરે છે તે તો હાલ કહી પણ કહેવું વહેલુ લેખાશે.

# હિંમતનગરમાં નવા ૬ કેસ સાથે જિલ્લામાં વધુ ૧૩ કેસ

### ● ઈડર, વડાલી, તલોદ અને પ્રાંતિજમાં કોરોનાનો કહેર યથાવત ●

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન હિંમતનગરમાં કોરોના પોઝીટીવના ૬ કેસ સાથે વધુ ૧૩ કેસ પ્રકાશમાં આવ્યા છે. જેમાં ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગરને બાદ કરતા બાકીના તાલુકાઓમાં કોરોના કેસની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને વહિવટીતંત્ર લોકોને સાચવેત રહેવા અપીલ કરી છે. ત્યારે જિલ્લાવાસીઓએ કોરોનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સાવચેતીના પગલા લેવા રહ્યાં.

આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા ૨૪ કલાકમાં જે ૧૩ નવા કેસ નોંધાયા છે તેમાં હિંમતનગર તાલુકાના તથા શહેરના મળી કુલ ૬ કેસ છે. જે અન્વયે શહેરની એલઆઈસી ઓફીસની બાજુના વિસ્તારમાં રહેતા ૭૦ વર્ષીય મહિલા, પોલીસ ક્વાટર્સમાં ૨૯ વર્ષીય યુવક, સહકારી જીન વિસ્તારમાં ૨૫ વર્ષીય મહિલા, રોયલ પાર્કમાં ૬૬ વર્ષીય મહિલા તથા શહેરના પોશ વિસ્તાર તરીકે વખારીયા રોડ વિસ્તારમાં ૪૦ વર્ષીય પુરૂષ તથા પોલોગ્રાઉન્ટ વિસ્તારમાં ૫૨ વર્ષીય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

તેજ પ્રમાણે પ્રાંતિજ શહેરની ગ્રીનપાર્કમાં ૪૧ વર્ષીય પુરૂષ અને તપોધન વાસમાં ૬૯ વર્ષીય પુરૂષ તથા તાલુકાના પલ્લાચર ગામમાં રહેતા ૨૯ વર્ષીય પુરૂષ કોરોનામાં સપડાયા છે. તથા ઈડરમાં આવેલ અમનપાર્કમાં રહેતા ૭૦ વર્ષીય પુરૂષ અને વડાલીની જીઈબી કોલોની વિસ્તારમાં રહેતા ૧૮ વર્ષીય મહિલા કોરોના પોઝીટીવનો ભોગ બન્યા છે. સાથોસાથ તલોદ તાલુકાના ખેરોલ ગામમાં ૫૭ વર્ષીય પુરૂષ અને મહિયલ ગામમાં ૪૭ વર્ષીય પુરૂષનો રીપોર્ટ કોરોના પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાની વાત કરીએ તો મંગળવાર તા. ૪ ઓગષ્ટ સુધીમાં કોરોના પોઝીટીવનો કુલ આંક ૪૬૭ થયો છે. તે પૈકી ૩૫૪ દર્દીઓ સાજા થયા છે જ્યારે ૧૦૬ દર્દીઓ સારવાર હેઠળ છે. હિંમતનગર શહેરની વાત કરીએ તો અત્યાર સુધીમાં કુલ પોઝીટીવ કેસ ૨૧૦ છે. જે પૈકી ૧૧૬ શહેરી વિસ્તારમાં જ્યારે ૯૪ ગ્રામ્ય વિસ્તારમાં છે. બીજા નંબરમાં ઈડર તાલુકો આવે છે જ્યાં કુલ ૮૭ કેસ પૈકી ગ્રામ્ય વિસ્તારમાં ૪૮ અને શહેરી વિસ્તારમાં ૩૮ કેસ છે. ત્રીજા નંબરે પ્રાતંજ તાલુકો આવે છે જ્યાં કુલ કેસની સંખ્યા ૮૦ છે અને તેમાં ૪૨ કેસ ગ્રામ્ય વિસ્તારના અને ૩૮ કેસ શહેરી વિસ્તારના છે.



## વૃક્ષારોપણ દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી કરી

અરવલ્લી જિલ્લાના ધનસુરા ખાતે આવેલ મોડાસિયા પરગણા રોહિત સમાજવાડીમાં જે.જે.કે.એમ. દ્વારા રક્ષાબંધન પર્વની ઉજવણી વૃક્ષારોપણ કરીને અનોખી રીતે કરી હતી. આ પ્રસંગે મોડાસિયા પરગણા ધનસુરા બાર રોહિત સમાજના પ્રમુખ જે.એસ. પ્રિયદર્શી અને મોડાસિયા પરગણા રોહિત સમાજ વિકાસ મંડળના પ્રમુખ ડૉ. એચ.કે. સોલંકીએ ટ્રી ગાર્ડ સાથે વૃક્ષો વાવીને ધનસુરા લાયબ્રેરીના યુવાનોને દત્તક આપ્યા હતા. લાયબ્રેરીના ચિરાગ અને તેજસે પણ વૃક્ષો વાવીને તેનું જતન અને રક્ષણ કરવાની જવાબદારી લીધી હતી.

# ડીસાના ગવાડીમાં શ્રાવણીયો જુગાર રમતાં સાત ઝડપાયા

ડીસા, તા. ૪

શ્રાવણ માસની શરૂઆતની સાથે જ જિલ્લામાં ઠેર ઠેર જુગાર ખેલાવા લાગ્યો છે. જેને વગલે પોલીસ પણ સક્રિય બની છે. જે અંતર્ગત જિલ્લા પોલીસ અધિક્ષક તરૂણ દુગ્ગલની સુચના તથા નાયબ પોલીસ અધિક્ષક આર.કે. પટેલ ડીસા વિભાગે જિલ્લામાં પ્રોહી, જુગારની પ્રવૃત્તીઓ નેસ્ત નાબુદ થાય તે અંગે કડક અમલવારી કરવા સુચના કરતા નાયબ પોલીસ અધિક્ષક આર.કે. પટેલે ડીસા વિભાગના માર્ગદર્શન હેઠળ બી.વી. પટેલ પોલીસ ઈન્સ તથા ટી.એચ. પરમાર પોલીસ સબ ઈન્સ. ડીસા શહેર દક્ષિણ પોલીસ સ્ટેશન તથા અ.હે.કો. રઘુજી અનોપજી તથા અ.હે.કો. પ્રવિણભાઈ ધનાભાઈ તથા અ.હે.કો. ભુરાભાઈ વજારામભાઈ અ.પો.કો. મનોજકુમાર શંકરલાલ અ.પો.કો. પ્રહલાદભાઈ મગનભાઈ તથા આ.પો.કો. વેલાભાઈ હરચંદભાઈ બંને તથા અ.પો.કો. જીગ્નેશભાઈ જલાભાઈ તથા વુ.પો.કો. ભાવનાબેન વીહાભાઈએ પોલીસ સ્ટાફના માણસો સાથે ડીસા શહેર દક્ષિણ પો.સ્ટે. વિસ્તારમાં રક્ષાબંધનના તહેવાર નિમિત્તે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમીના આધારે ડીસા ગવાડી તરફ જવાના રસ્તા પર આવેલ ગટર્નાં નાળાની બાજુમાં રોડની પૂર્વ બાજુએ આવેલ હમીદ અલ્હાબેલી શેખના ખુલ્લા વાડામાં તહોદારો ભેગા કરી ગોળ કુંડાળુ વાળી ગંજી પાનાથી તીન પત્તીનો જુગાર રમી રમતા તેઓની અંગજડતી તથા પટ ઉપરથી રોકડ રકમ રૂ. ૧૮ હજાર તથા મોબાઈલ ફોન નંગ ૩ કિ. રૂ. ૧૫૦૦ એમ મળી કુલ ૧૯,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરી જુગાર ધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.



પકડાયેલા ઈસમો : (૧) તાહીરહુસૈન અબ્દુલરહેમાન જાતે શેખ ઉ.વુ. ૫૮ રહે. ગવાડી, મહમદપુરા ડીસા, તા. ડીસા (૨) સાહીડભાઈ તાહીરભાઈ જાતે કુરેશી ઉં.વ. ૩૫ રહે. ગવાડી મહમંદપુરા ડીસા, તા. ડીસા (૩) સબ્બિરભાઈ મુરાદભાઈ જાતે મીર ઉં.વ. ૩૮ રહે. ઢીમા તા. વાવ, જી. બ.કાં. (૪) જાકીરહુસૈન જહુરહુસૈન જાતે શેખ ઉં.વ. ૪૦ રહે. ગવાડી છોટાપુરા ડીસા, તા. ડીસા. (૫) નારણદાસ કોડુમલ જાતે આસ્નાની ઉં.વ. ૪૫ રહે. નવાવાસ પોલીસ લાઈન પાછળ ડીસા, તા. ડીસા (૬) ગુલામનબી મહમંદ હુસૈન જાતે કુરેશી ઉં.વ. ૫૯ રહે. ગંજીપુરા ગવાડી ડીસા તા. ડીસા (૭) અબ્દુલહમીદ અલ્લાબેલી જાતે શેખ ઉં.વ. ૫૫ રહે. મહમદપુરા ગવાડી ડીસા તા. ડીસા.

## વરસાદ ખેંચાતા રામપુરના ઓઘડનાથ મહાદેવને રીઝવવા પાણીનો અભિષેક કરાયો

હિંમતનગર, તા. ૪

વર્ષો પહેલા વડવાઓ દ્વારા ચોમાસામાં જો ઓછો વરસાદ પડે તો ભગવાન ભોળાનાથને રીઝવવા માટે તેમના નિવાસ સમાન મહાદેવમાં આવેલ શિવલીંગને પાણીથી ડુબાડવાની પ્રથા ચાલતી હતી અને થોડાક જ સમયમાં મેઘરાજાનું આગમન થતુ હતુ ત્યારે આ વર્ષે સાબરકાંઠા જિલ્લામાં ચોમાસા દરમિયાન પડેલા નહીવત વરસાદને કારણે પીવાના પાણીની, ખેતી માટે તથા ચોમાસુ વાવેતર કરેલ મોલાત મુરજાઈ રહી છે. જેથી ભગવાન ભોળાનાથને મનાવવા માટે મંગળવારે હિંમતનગર તાલુકાના ઘોરવાડાના ગ્રામજનોએ ઓઘડનાથ મહાદેવમાં આવેલ શિવલીંગને ૧૦૧૧ બેડા પાણીથી ડુબાડી દીધા હતા. ઘોરવાડાના વડીલો પાસેથી મળતી માહિતી મુજબ વર્ષો અગાઉ ઘોરવાડા પંથકમાં ચોમાસા દરમિયાન પડતા નહીવત વરસાદનો લઈને તે સમયના ઠાકોર સાહેબે મહાદેવને રીઝવવા માટે ગ્રામજનોને સાથે રાખી માથે પાણીના બેડા લઈને મંદિરે આવતા હતા અને સ્તુતિ કર્યા બાદ શિવલીંગને પાણીથી ડુબાડી દેવામાં આવતા હતા. ત્યારબાદ અમુક સમય પછી મેઘરાજાનું આગમન થતુ હોવાની ગ્રામજનોની માન્યતા છે.

સાબરકાંઠા જિલ્લામાં તથા ઘોરવાડા પંથકમાં ખુબજ ઓછા વરસાદને લઈને પાક મુરજાઈ રહ્યો છે. નદી નાળામાં નવા નીર આવ્યા નથી જેથી લીલો ઘાસચારો પણ મળી શકતો નથી. દરમિયાન ગામની પરંપરા મુજબ મંગળવારે ગ્રામજનોએ ભેગા થઈને ઓધડનાથ મહાદેવને રીઝવવાનું નક્કી કર્યુ હતુ અને પરંપરા મુજબ ૧૦૧૧ બેડા પાણી ભરીને ઓઘડનાથ મહાદેવમાં જઈ શિવલીંગને પાણીથી ડુબાડી દેવામાં આવ્યુ હતુ. ગ્રામજનોના માનવા મુજબ ખુબ જ ટુંકા સમયમાં સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં સંતોષકારક વરસાદ પડશે.

## વરસાદ ખેંચાતા પ્રાંતિજ ખાતે ઢુંઢીયા બાવજીની મૂર્તિ બનાવી વાજતે-ગાજતે વરઘોડો કાઢ્યો

પ્રાંતિજ, તા. ૪

ઉત્તર ગુજરાત સહિત સાબરકાંઠા જિલ્લામાં મેઘરાજા રીસામણાં લઈને બેઠો છે. પ્રાંતિજ ખાતે નાનીભાગોળ તથા યોગેશ્વર સોસાયટીની મહિલાઓ દ્વારા મેઘરાજાને રીઝવવા ઢુંઢીયા બાવજીની માટીની મૂર્તિ બનાવી ઢોલનગારાં સાથે વાજતે-ગાજતા વરઘોડો કાઢયો હતો.

અડધું ચોમાસું વિતી ગયું છતાં મેઘરાજાની હાલ ઉત્તર ગુજરાતમાં પશુ પંખીઓ ખેડૂતો સહિત સૌ કોઈ મેઘરાજાની આતુરતાથી રાહ જોવે છે પણ મેઘરાજાએ જાણે રીસામણાં લઈને બેઠાં હોય તેવોને મનાવવા માટે આજે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નાનીભાગોળ તથા યોગેશ્વર સોસાયટીની મહિલાઓ દ્વારા ઢુંઢીયા બાવજીની માટીની મૂર્તિ બનાવી પાણીથી નવડાવી વાજતે-ગાજતે નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે લઈ ગયા હતા. શ્રી માર્કંડેશ્વર મહાદેવ દાદાને પણ ડેગરી-ડેગરીએ પાણી વેડીને નવડાવવામા આવ્યા હતા અને શિવલીંગને પાણીમાં ડુબાળ્યુ હતું અને વરસાદની માંગ કરી હતી.





બાયડમાં આવેલ જય અંબે મહિલા મંદબુદ્ધિ આશ્રમ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી.

# અરવલ્લી પોલીસે "ગાર્ડ ઑફ ઓનર" સાથે એસપી મયુર પાટીલને વિદાય, સંજય ખરાટને આવકાર

૨ ઓગષ્ટના રાત્રીએ ૭૪ આઈપીએસ અધિકારીઓની બદલી સાથે ગુજરાત કેડરના ૨૦૦૬ બેચના ૧૨ એસપી રેંકના અધિકારીઓને ડીઆઈજીમાં બઢતી અપાઈ હતી જેમાં અરવલ્લી જીલ્લા પોલીસ વડા મયુર પાટીલની બદલી ગાંધીધામ કચ્છ (ઈસ્ટ) પોલીસ અધિક્ષક કરવામાં આવી હતી. અરવલ્લી જીલ્લા પોલીસવડા તરીકે વડોદરા ટ્રાફિક ડીસીપી તરીકે ફરજ બજાવતા સંજય ખરાટની નિમણુંક કરવમાં આવી છે.

મંગળવારે અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે જીલ્લા પોલીસવડાનો ચાર્જ નવનિયુકત એસપી સંજય



ખરાટને સુપ્રત કર્યો હતો. અરવલ્લી જીલ્લા પોલીસે એસપી મયુર પાટીલને 'ગાર્ડ ઓફ ઓનર' સાથે વિદાય આપવામાં આવી હતી. જીલ્લા પોલીસવડા સંજય ખરાટને 'ગાર્ડ ઓફ ઓનર' સાથે ઉષ્માભેર આવકાર આપ્યો હતો એસપી મયુર પાટીલ અને પોલીસતંત્રમાં ફરજ બજાવતા ઉચ્ચ



પોલીસના ઉષ્માભેર આવકાર સાથે એસપી સંજય ખરાટે ચાર્જ સંભાળી લીધો હતો.

જીલ્લા પોલીસવડા મયુર પાટીલને વિદાય આપવા અને નવનિયુક્ત એસપી સંજય ખરાટને આવકારવા અરવલ્લી જીલ્લા અધિકારીઓ, અધિકારીઓ અને પોલીસકર્મીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નવનિયુક્ત પોલીસવડા સંજય ખરાટને જીલ્લાના રાજકારણીઓ અને અગ્રણીઓએ સોશ્યલ મીડિયામાં શુભેચ્છા પાઠવી હતી.